આ પહેલી મળી તે ટ્રેનમાં બેઠો છું.

ક્યાં જાય છે એની ખબર નથી. તને મળીને પ્લેટફૉર્મ પર આવ્યો ત્યારે આ ઊપડતી હતી. મેં તને કહેલું એમ એમાં ચડી ગયો છું. ટી.ટી. સાહેબ આવશે એટલે ટિકિટ લઈશ - દંડ સાથે. તત્કાળમાં. ડબ્બો ખીચોખીચ છે. અહીં પણ બેગ, બિસ્તરા સાથે પ્રવાસ કરનારાં છે. તત્કાળ પ્રવાસનું નક્કી થાય તોય આટલી તૈયારી? આટલું બધું સાથે? મારી પાસે તો એક-બેગ છે, કોથળો જ કહે ને! બહુ ઓછો સામાન છે આ સહુની સરખામણીમાં. પાકીટનીય એ જ સ્થિતિ છે. પણ મનમાં છે જુદી રીતે જ પ્રવાસ કરવાનું. એટલું જ નક્કી કર્યું છે કે કૈં જ નક્કી નહીં. આમ તો ઘણા સમયથી વિચારતો હતો પણ અમલ કરતાં અચકાતો હતો. કદાચ થોડો ડર પણ હતો. ક્યાં જવું, કઈ રીતે જવું, કેટલા સમય માટે જવું, શું તૈયારી કરવી... કેટલા સવાલ હતા! પણ પછી બધાના જવાબ મળી ગયા, એટલે કે એકેના જવાબ શોધવાને બદલે સીધા નીકળી જવાનું વિચાર્યું. અલબત્ત, તને કહીને જવાનો હતો પણ પછી એનો વિકલ્પ વિચારી લીધો. આખી સફર વિષે તને માહિતગાર રાખવા આ ડાયરી લખવાની શરૂ કરી છે. ટી.ટી. સાહેબ આવે છે. આગળની વાત પછી.

ટી.ટી. સાહેબના ગયા પછી ઊંઘ આવી ગઈ. સવારે લખવા બેઠો છું. ટ્રેન ચાલે છે. હજી કેટલાક લોકો સૂઈ રહ્યા છે. બારી બહાર દશ્ય સરી રહ્યાં છે. મનની પણ એ જ સ્થિતિ છે. પાત્રો, પ્રસંગો, પર્વો, પરિસ્થિતિ, ગમતું ને અણગમતું, પીડા ને પ્રસન્નતા બધું... ક્યાંક પોંખાઉં છું, ક્યાંકથી ઝડપથી સરી જાઉં છું, કેટલુંક પોતે વહી જાય છે, કેટલુંક ઇચ્છું છું છતાંય આગળ નથી સરકતું. કેટલાંકને હું પકડી રાખું છું તો કેટલુંક મને છોડતું નથી. લખવામાં બધું આડું આવે છે. લખતી વખતે મન મોકળું જોઈએ. તાટસ્થ્ય જોઈએ. નિર્લેપ થવું જોઈએ. હું જાણું છું એ. પણ આવી સ્થિતિ સહેલાઈથી ન સિદ્ધ થાય. હજી ગમા-અણગમા યથાવત્ છે. આપણે એમ માનતાં હોઈએ છીએ કે આપણું મન ગમતાંને મમળાવ્યા કરે છે. પણ વાસ્તવ તો એનાથી સાવ વિરુદ્ધ છે. અણગમતું જ ઝટ ભુલાતું નથી. મન પર એની પકડ મજબૂત છે. મનને પણ ગમે છે એ યાદ કરીને દુઃખી થવાનું. સાચે જ પેલી વાર્તા જેવું - આપણે જ થાંભલાને છોડતા નથી. સાચું કહું તો લખવા બેસું છું ત્યારે કડવો સ્વાદ પણ અનુભવું છું. ક્યારેક તો એટલી તીવ્રતાથી કે લખતાં રોકાઈ જવું જ યોગ્ય.

બપોર છે.

ટ્રેનની ગતિ ઘટી છે કે મન મંથર ગતિએ ચાલે છે! પણ જે છે તે સારું છે. આવી લોકલ ટ્રેનની આ નિરાંત. ઝડપ ઓછી હોય ત્યારે લખવું ફાવે. અલસતા વર્તાય છે. સવારે સૂતા હતા એ પાછા ઊંઘરેટા થયા છે, ઝોકાં ખાય છે. જમી લીધું છે. જાણવા મળેલું કે એ છેલ્લું સ્ટેશન હતું જ્યાં કૈંક ઠીક જમવાનું મળે છે એટલે એ જ જમ્યો - પૂરી શાક ને દહીં. મરચાં પણ ખરાં. જમીને પડિયા ફેંકી દીધાં. અલબત્ત, ડસ્ટબીન શોધીને. સ્વચ્છ ભારત. મુશ્કેલ તો છે પણ સહુ ટેવ પડશે એટલે વાંધો નહીં આવે. પાકે ઘડે કાંઠા નય ચડે પણ નાનાં બાળકો એ વિષે આગ્રહ રાખે ત્યારે આશા બંધાય. ટી.ટી. સાહેબને પૂછીને સાવ અજાણ્યા સ્ટેશનની ટિકિટ લીધી છે, દંડ ભરીને. કોઈ છેવાડાનું ગામ છે. લોકલ ટ્રેન છે એટલે આ લાભ થયો. આમ પણ હું ક્યાં કૈં વિચારીને ચડ્યો છું? જે સામે ઊભેલી એમાં ચડી ગયો. એટલે આવા અજાણ્યા નાનાં નાનાં સ્ટેશનના વિકલ્પ મળ્યા. મજા આવી ગઈ. સાંભળીને ગમ્યું એ નામના સ્ટેશનની ટિકિટ માંગી તો સાહેબનેય નવાઈ લાગી. જોઈ રહેલા મને. કદાચ હું એમને આ ટ્રેનનો ને એ પ્લેટફોર્મનો મુસાફર નહોતો લાગ્યો. પોતાની રીતે પ્રયત્ન પણ કર્યો મારું મન જાણવા ને છેલ્લા જંક્શનની ટિકિટ આપવા. મુસાફરીનું કારણ જાણવાનોય હેતુ હતો વાતોમાં. આની તૈયારી હવે મારે રાખવાની. જો કે હજી તો મારા મનમાંય ક્યાં કોઈ સ્પષ્ટતા છે આ પ્રવાસની! ટ્રેન, સ્ટેશન, સફર બધું જ મળતું જાય, મન થાય તે. સાહેબને લાગ્યું હશે કે ઘરમાંથી ભાગ્યો હોઈશ ને મારી ઉંમર જોતાં જાણીતાં કારણોય ધારી લીધેલાં. પણ સીધું પૂછવાનું ટાળ્યું એમાં કદાચ મારી સ્વસ્થતા જવાબદાર હશે. હું જરાય વિચલિત ક્યાં છું? તું કદાચ જાણતી નહીં હોય કે હું ક્યારે નીકળી પડીશ પણ ક્યારેક આવું બનશે એવું મનમાં તો હશે જ. તારે એ જાણવું હશે કે મેં ટિકિટ ક્યાંની લીધી, ને સાથે તને એનીય ખાતરી હશે કે એ હું નહીં કહું .

મજા આવી જમવાની.

થોડું તેલવાળું ને તીખું ખરું પણ દહીં અને ગોળને સથવારે સ્વાદ માણ્યો. દહીં તો જોડે આવેલું પણ ગોળ સહપ્રવાસી જોડે વિનિમય વ્યવહારથી મળ્યો. મેં મરચાં એમને આપ્યાં ને એમણે મને ગોળનું દડબું આપ્યું. જમીને મુખવાસ ચગળતાં લખું છું. મુખવાસ મારો છે. શીશી ડબ્બામાં ફરી રહી છે. પાછી આવે ત્યારે ખબર! તું જાણે છે કે મને પ્રવાસ ગમે છે. નાના કે મોટા. પૂર્વ આયોજિત કે અણધાર્યા. હું સૌ પહેલાં તૈયાર હોઉં કારણ કે મારી એક-બેગ તૈયાર જ હોય. મને જરૂરી લાગે એ બધી વસ્તુ એમાં હોય. બીજી વધારાની વસ્તુ પ્રવાસના સ્થળને અનુરૂપ ઉમેરાય. જમીને મુખવાસ મારે જોઈએ એટલે એ જોડે જ હોય. આ સફરમાં મેં બેગને બદલે બેકપેક સાથે લીધું છે. અલબત્ત, પ્રવાસમાં જાતભાતનાં કપડાં બદલવાનો મને શોખ છે. પણ આ વખતે એના પર કંટ્રોલ રાખ્યો છે. જો કે કેપ ને ગોગલ્સ તો લીધાં છે. બૂટ ને ચંપલના વિકલ્પ પણ છે. જે નિયમિત લેવી પડે છે એ દવાઓ પણ છે. બીજીય થોડી સાથે રાખી છે - માથું, પેટ, શરીર દુખે, શરદી -તાવ, ઝાડા-ઊલટીનીય છે. ગમે તે ન ખાવું એ તારી સૂચના પણ છે. મજા ત્યારે આવશે જ્યારે આ નિયમિત લેવાની દવા ખલાસ થઈ જશે. તને તો ખબર છે કે મને એનાં નામ યાદ નથી. એ ડિપાર્ટમેન્ટ તારું છે. અલબત્ત, મોબાઇલ ફોનમાં એ દવાના પ્રિસ્ક્રિપ્શનનો ફોટો તેં પાડી રાખ્યો છે. મોબાઇલ ફોન છે. ચાર્જર નથી. ફોન બંધ રાખ્યો છે. ભવિષ્ય માટે કશું જ નહીં. અરે પેલા 'ક' વાળા સવાલોના જવાબ પણ ક્યાં છે?

કેમ જવું છે? - નથી ખબર.

ક્યાં જાવ છો? - નથી ખબર.

કેટલા દિવસ માટે? - નથી ખબર.

ક્યારે આવશો? - નથી ખબર.

કોની સાથે? - નથી ખબર.

ક્યાં કોન્ટેક્ટ કરવાનો? - નથી ખબર.

ક્યારે કોન્ટેક્ટ કરશો? - નથી ખબર.

ક્યારે આવશો? - નથી ખબર.

આ કોઈ ઉડાઉ જવાબ નથી. બધા સાચા જવાબ છે. મારી આ સફરનો પાયો જ પ્રામાણિકતા છે. હવે આમાં આયોજન શું કરો? પડશે તેવા દેવાશે એ સાચું પણ કોણ પડશે? કોણ દેવાશે? હા, એક સવાલનો જવાબ આપી શકું - તમારા વિષે કોને પૂછવું?

તો જવાબ છે : જાતને. હું પણ એને જ પૂછું છું આ બધા સવાલ, હજી જવાબ નથી મળ્યા. તું પણ પૂછજે, તને આ સવાલો. મારા વિષે, ને ક્યારેક તારા વિષે.

અસ્પષ્ટતા છે પણ અસ્વસ્થતા નથી. આરામથી બેઠો છું. ડબ્બાની અંદર ને બહારની દુનિયા સાથે છું. તટસ્થ પણ નથી. હરખાઉં છું. હસું છું. સહપ્રવાસીઓની વાતોમાં રસ લઉં છું. સામે ધરેલો નાસ્તોય ચાખું છું. ગ્રામવિસ્તારનાં લોકો છે. એમનેય નવાઈ લાગે છે મારી સહપ્રવાસી તરીકે. નાનાં બાળકોને હમણાં જ મેં પત્તાની રમતનો જાદુ દેખાડી દાદ મેળવી છે. હવે સહુ શાંત છે એટલે લખું છું. ટ્રેનની ગતિ ને મનની ગતિમાં એક ફેર છે. ટ્રેન આગળ જાય છે ને મન આગળપાછળ થાય છે. લખવા માટે આવશ્યક એવી કોઈ પૂર્વશરતને અનુકૂળ વાતાવરણ નથી - બહાર પણ નહીં ને ભીતર પણ નહીં. મારે એની જરૂર પણ નથી. હું ક્યાં પળેપળનો હિસાબ આપવા લખું છું? મારે ક્યાં વાચકનાં વખાણ કે વિવેચન સાંભળવાં છે? તાટસ્થ્યની સાથે આવતી કોરપ મારા ખપની નથી. આ તો સફરની શરૂઆત છે. હું વહેણમાં છું તો ભીંજાઉં પણ ખરો. તરું કે તણાઉં પણ ખરો. ક્યારેક પ્રયાસ પણ દેખાશે તો ક્યારેક અનાયાસ હોવું. ક્યાંક કૈંક છુપાવું તો ક્યાંક ઉકેલાઉં. મનેય ન જાણ હોય એવું ઊઘડું. હુંય મને પહેલીવાર મળું ને તુંય મને પહેલીવાર જુએ, જાણે. કદાચ ટેવ પડશે પછી માણે પણ! એટલે અહીં ડાયરીના પાને ગતિની વધઘટ પણ રહેવાની. અભિગમ પણ બદલાય ત્યારે વરતાશે. વંચાશે. અનુભવાશે. પેલું અંગ્રેજીમાં કહે છે એવું : બિટ્વીન ધ લાઇન્સ વધુ ને સાચું વંચાય એમ પણ બને. ટ્રેન ચાલે પણ છે ને હલે પણ છે. નેરોગેજ હવે બહુ ઓછા વિસ્તારમાં છે. ડબ્બા ખડખડ થાય છે. મન નેરો, મીટર ને બ્રોડ ગેજ પાટા પર દોડે છે. એને કોઈ વિશેષ સગવડ નથી જોતી. હું એટલું કહું કે મન મોકળું છે - રાજી થવા, અકળાવા, દુઃખી થવા. હું સાક્ષીભાવે પહોંચ્યો નથી. પહોંચીશ કે કેમ એ નથી જાણતો. અત્યારે તો જ્યારે જે અનુભવું તે લખાય છે. છુપાવવા કે છતરાયા થવાના કોઈ વાંધાવિરોધ નથી. ભાવ અને ગતિની વધઘટ સામે કોઈ ફરિયાદ નથી. હા, અક્ષર સારા ન નીકળે એમ બને.

ટ્રેન ઊભી રહી ગઈ છે.

બાજુવાળા ભાઈ માહિતી લાવ્યા છે. કોઈએ આપઘાત કર્યો છે, પાટા પર સૂઈને. લોકો નીચે ઊતરીને જોવા ગયા છે. મનેય કહેતા હતા પણ હું નથી ગયો. મારું જીગર નથી. મને એ જ સમજાતું નથી કે ટ્રેન આવતી હોય ત્યારે સામે ચાલીને પાટા પર સૂઈ જવાનું જીગર ધરાવનાર જિંદગી સામે કેમ હારી જતા હશે? કેટલી હિંમત જોઈએ એ માટે? હું તો ચાલતી ટ્રેનમાં ચડતાંય ડરું છું ને કોઈ ચાલતી ટ્રેન સામે સૂઈ જાય છે! આ તો લોકલ છે. લોકલ ટ્રેનની તો ઝડપ પણ ઓછી હોય. વિચારવાનો કેટલો સમય મળે! મોતની રાહ જોવાનોય! કેવી હોય એ ક્ષણો? કેટકેટલા વિચાર આવતા હશે એ દરમિયાન? કે કૈં જ વિચાર નહીં આવતા હોય? મન સુન્ન થઈ જતું હશે કે શાંત? વિચારવાનું બંધ થઈ જતું હશે કે વિચારોની ધસમસતી ટ્રેન સાથે આવતી ટ્રેન અથડાતી હશે? કહે છે કે ક્ષણાર્ધમાં નિર્ણય લઈને અમલ કરી દેનારાય છે ને બહુ વિચાર કરીને પછી આપઘાત કરનારાય છે. બંને માર્ગ ભયંકર છે. બંને જીવનનો અંત આણે છે. જે સમસ્યાના ઉકેલ રૂપે એ આપઘાત કરે છે એ સમસ્યા તો ત્યાં જ રહે છે, ક્યારેક જે પાછળ રહે છે એને માથે પડે છે. સવાલો તો કોને નથી હોતા? કેટલાક ઊકલે તો કેટલાક નથીય ઊકલતા. પણ સવાલ સાથે ન જીવી શકાય? આમ ચાલતી ટ્રેનના પાટા પર સૂઈને બે ઘડી ટ્રેનની ગતિ રોકનારા એ ટ્રેનમાં ચડીને સફર ચાલુ રાખે તો કદાચ સમાધાન ન જડે? પોતાની ઓળખને ટ્રેનના ડબ્બામાં જ મૂકી કોઈ અજાણ્યા સ્ટેશને ઊતરી ન શકે? આમ જીવનસફરનો અધવચ અંત તો ક્યાં પહોંચાડે? એક નવી શરૂઆતની તક ન લઈ શકાય?

ટ્રેન મોડી ચાલે છે.

બહાર અંધારું ઊતરી રહ્યું છે. આપઘાતના બનાવે સહુને વિચલિત કરી દીધા છે. ડબ્બામાં ચાલતાં મસ્તીમજાક શાંત થઈ ગયાં છે. મરનાર સાથે કોઈ સંબંધ નહોતો, અરે નામનો પરિચય પણ નહીં. ને છતાં મૃત્યુનો ભયમિશ્રિત આદર ડબ્બામાં અનુભવાતો હતો એટલે મેં સહુને ભજન ગવડાવ્યાં. સાંજનો સમય આમ પણ ઉદાસીનો છે. એકલતાનો છે. એ સમયે ઈશ્વરની આંગળી પકડવી ગમે. સધિયારો મળે. સવારે ને સાંજે ઘરમાં દીવો થાય છે. સવારનો દીવો ઉત્સાહસભર આરંભ સમયે પરમાત્માના આશિષ માટે છે. સાંજનો દીવો શરણમાં રહેવા, સુરક્ષિત રહેવાની ભાવનાથી થાય છે. દિવસ હેમખેમ પૂરો થવા બદલ આભારદર્શનનો દીવો છે. સહુ પ્રિયજન સ્વજન ઘરમાં આવી ગયાંનો હાશકારો એમાં હોય છે. સાંજ હવે થોડીવારમાં રાત બનશે. કહે છે કે સવારનો ભૂલો પડેલો સાંજે ઘેર પહોંચે તો એ ભૂલો પડ્યો ન કહેવાય. સાંજ ઘેર પહોંચવાનો સમય છે. આ જે જીવ ચાલ્યો ગયો એના પરિવારજન રાહ જોતાં હશે? એમને જાણ થઈ હશે? એ જ્યાં પહોંચ્યો હશે એને એનું ઘર કહેવાય? આ સવાલોમાંથી મુક્ત થઈને હરિનામ સ્મરણ કરવામાં રાહત અનુભવી. સહુ જોડાયાં. સહુને સારું લાગ્યું. ભીતર શાંતિ લાગી. ખાસ કરીને બાળકો તાળીઓ પાડીને જોડાયાં. એક ભાઈએ સીંગચણા વહેંચ્યાં - પ્રસાદમાં. રાત થતાં પહેલાં સમજાય તો એક મૃત્યુ કેટલું કહી ગયું જીવન વિષે!

તને જ નહીં મનેય નવાઈ લાગેલી કે મને વળી આવું ક્યાંથી સૂઝ્યું! હું એવો ધાર્મિક તો ન જ ગણાઉં. શ્રદ્ધા કરતાં સ્થાપત્યનું સૌંદર્ય મને દેવસ્થાન સુધી લઈ જાય છે એ તું જાણે જ છે. તો મને આમ હરિનામ સંકીર્તન ક્યાંથી યાદ આવ્યું? મને લાગે છે કે ઉછેર અને સંસ્કારના સ્તરે કૈંક આપણાથીય અજાણ આપણી ભીતર ઊતરે છે ને સચવાય પણ છે. શાળાના પ્રાર્થનામંદિરમાં કાને પડેલી ભક્તિરચના આજે ઉપયોગી થઈ. કહે છે ને કે સાંભળેલું કૈં નકામું જતું નથી. ધૂપ-દીપની ટેવ ભલે નથી પણ રાત્રે મોડો ઘેર આવું ત્યારે હાશ અનુભવતી મમ્મી પાણિયારે દીવો કરે ત્યારે એની પાસે ઊભો રહીને હાથ જોડતો. અંધારાને દીવા સાથે સંબંધ છે. ઘેરા અંધકારમાં એક નાનકડો દીવો સધિયારો આપે છે. મામાનું ઘર કેટલે? દીવો બળે એટલે એમ કહેનારાએ દૂર દેખાતા દીવાને નજર સામે રાખી ચાલતા રહેવાની પ્રેરણા ને હિંમત મેળવ્યાં હશે. થાક તો લાગે પણ ટકી જવાય. મન ચરણને ચાલતાં રાખે. અહીં ડબ્બામાં પણ અંધારું ઊતર્યું હતું. ઉદાસીનું અંધારું. મૃત્યુભયનું અંધારું. એમાં ભજનનો દીવો ઉપયોગી થયો. સહુ ધીમે ધીમે જોડાઈ ગયાં. જેણે આપઘાત કર્યો એને કોઈએ જોયો પણ નથી છતાં ઊતરેલી આ ઉદાસીનું કારણ સહુનું પોતીકું હતું. ભજનધૂને એ ભૂલવામાં મદદ કરી. આપણે સહુ મૂલતઃ આસ્તિક જ છીએ. ભીતરે ભગવાનમાં માનીએ છીએ. ભણેલા કદાચ બતાવતા નથી પણ એય આધાર તો એમાં જ શોધે છે. અંધારું એ સૂર્યના આથમવાને કારણે છે એ જાણનારાનેય દીવો ગમે છે. આપણે ત્યાં સુખી ને દુઃખી બંને પરમાત્મામાં માને છે. સુખી સુખ ટકે એ માટે ને દુઃખી દુઃખ દૂર થાય એ માટે. કોઈ આક્રોશથી ઈશ્વરનો ઇન્કાર કરે છે એની ના પાછળ પણ હા હોય છે. ઈશ્વર છે અને સાંભળે છે એટલે તો ઠપકો પણ આપી શકાય છે. કેટલાક તો શરણાગતભાવે દીનાનાથ દયાળને વીનવતા હોય છે કે હાથ મારો મૂકશો મા! એમને શ્રદ્ધા છે કે એમનો હાથ ઈશ્વરે પકડ્યો જ છે. કર્મફળ તો ભોગવવાં જ પડે પણ એ સાથે છે એટલે ભવપાર ઉતારશે. કોઈ ભવસાગર કહે તો કોઈ ભવરણ! વ્યવહારજીવનની સફળતા-નિષ્ફળતા જોતી વખતે ઘણી વાર થાય કે આવી અસમતુલા, આવી અન્યાયી વહેંચણી કેમ? ને એની ફરિયાદ ને નિવારણ માટે એનું જ શરણ શાને? પણ હવે સમજાય છે કે શ્રદ્ધાથી મજબૂત ખીંટી કોઈ નથી.

મારું સ્ટેશન આવતાં રાત થઈ જશે એવું લાગે છે. ટ્રેન મોડી પડી છે. હવે કોઈ મોટું સ્ટેશન નથી. ભૂખ તો લાગી હતી પણ મન નહોતું થતું. ચિંતા હતી કે દવા ખાવાનો સમય થઈ ગયો છે ને દવા ખાવી હશે તો કૈંક જમવું જરૂરી છે. ત્યાં એક બાળકે ભૂખ લાગ્યાની જાહેરાત કરી ને જમવા માંગ્યું. ધીરે ધીરે ટિફિન ખૂલ્યાં. ડબ્બામાં મિશ્ર સુગંધ ફેલાઈ ગઈ. મેં પણ ભાખરી સાથે અથાણું જમી લીધું. હું તો અથાણું લાવ્યો નહોતો પણ એક બહેને ધર્યું તો નાય ન પાડી. તીખું તો લાગ્યું પણ ભાવ્યું પણ બહુ. સરસિયાની મજા જ જુદી છે. બાળકનો મનોમન આભાર પણ માની લીધો, ને દવા લઈ લીધી. એક બાળકે જીવન સાથેના અનુબંધને વળી ધબકતો કરી દીધો. મૃત્યુની માયૂસીને પાછળ રાખી ટ્રેન અને જિંદગી બંને આગળ વધી ગયાં. મારે ઊતરવાનું છે એ સ્ટેશનનું તો નામ પણ મારે માટે અજાણ્યું છે. એટલે ત્યાં શી સગવડ હશે, ત્યાંથી ક્યાં જવું વગેરે સવાલ તો છે જ. એક સહપ્રવાસીએ થોડી વાત કરી. એમને પણ નવાઈ લાગી મારી વાત સાંભળીને. એમને મતે આવા નાના સ્ટેશને મારા જેવા નવા ને એકલા મુસાફરે રાતવરત સાચવવું જરૂરી. એમનું કહેવું છે કે મારા સિવાય ત્યાં ઊતરનાર કોઈ નહીં હોય. ત્યાં રાતવાસો કરવાની કોઈ સગવડ છે કે કેમ એ વિષે પણ એમને શંકા છે. મને એમની ચિંતા ગમી. એક સહયાત્રી માટે આટલી ફિકર કોણ કરે? એમની વાતોથી મને બીક નથી લાગતી એમ તો નહીં કહું પણ હવે પાછા વળવાની ઇચ્છા નથી. હા, એટલું ખરું કે પહેલીવાર જાઉં છું ત્યાં દિવસના અજવાળામાં પહોંચાયું હોત તો સારું તો હતું!

ટ્રેન નીકળી ગઈ છે.

સ્ટેશન માસ્તરની કેબિનમાં બેઠો છું. એ કામમાં છે એટલે હું લખું છું. અહીં એક ટ્યૂબલાઇટ છે. નાનકડા પ્લેટફૉર્મ પર બીજે ઓછી લાઇટ છે. સ્ટેશન માસ્તરને નવાઈ લાગી છે મને જોઈને, મળીને. સહપ્રવાસીની વાત સાચી પડી. અહીં ઊતરનાર હું એકલો જ છું. અહીં ઊભી રહેતી આ છેલ્લી ગાડી છે. સ્ટેશન માસ્તર સાહેબ ઓફિસનું કામ સમેટવામાં છે. પછી ઘેર જવા નીકળવાના છે. એ વખતે મને લિફ્ટ આપશે મેઇનરોડ સુધી. ત્યાંથી કોઈ છકડો મળે તો ઠીક, નહીં તો પદયાત્રા. કઈ તરફ એ તો આગે આગે ગોરખ જાગે. પ્લેટફૉર્મ પર ન સૂવું હોય તો સવાર સુધી એમની ઓફિસમાં સૂવાની પરવાનગી આપી છે એમણે, પણ મારે જ અહીં રોકાવું નથી. પ્લેટફૉર્મ ડર લાગે તેવું છે. અત્યારે જ સોપો પડી ગયો છે. બે બાંકડા છે, તૂટેલા. ભીંત પર રંગ ક્યારે થયો હશે, સાહેબ જાણે! એક ઝાડ ઊગ્યું છે પ્લેટફૉર્મ પર. કદાચ પ્લેટફૉર્મ એ પછી બન્યું છે. ઝાડ આસપાસ ઓટલા જેવું છે. એના પર કૂતરાં ટૂંટિયું વાળીને પડ્યાં છે. ભસતાં નથી. અંધારામાં ઝાડ ડરામણું લાગે છે. આકાશમાં તારા દેખાય છે. એકાદી લારી કે ખૂમચાવાળોય નથી. સારું થયું ટ્રેનમાં જ મોંભણી કરી લીધું. કોઈ મુસાફર જ ન હોય તો વેચાય પણ શું? સવારે સ્ટેશન માસ્તર આવે ત્યાં સુધી બે કર્મચારી સૂઈ રહે છે અહીં. એ લોકો એક ખૂણામાં બેસીને જમી રહ્યા છે. સાહેબ ઘેર જઈને જમવાના છે. મને રોકાવાનું મન નથી એટલે લિફ્ટ સ્વીકારી લીધી છે. એ પોતાનું કામ કરી લે ત્યાં સુધી હું મારું કામ કરું છું, ડાયરીમાં નોંધ કરવાનું.

રેલ્વેસ્ટેશનથી પાકી સડક સુધીનો રસ્તો! મોટરસાઇકલની પાછલી સીટ પર સવાર હોય એની તકલીફ સમજાઈ. ને પહેલો વિચાર તારો આવ્યો. કાચો રસ્તો.. સાવ ઊબડખાબડ.. બેઉ બાજુ બાવળની આડેધડ વધેલી ઝાડી. બાવળ રસ્તાની આજુબાજુ ઊગ્યા હશે કે રસ્તો બાવળની ઝાડીમાંથી કાઢ્યો હશે, હરિ જાણે. પણ સ્ટેશન માસ્તરનો રોજનો રસ્તો લાગ્યો એટલે ઉઝરડાયા વગર પાર ઊતર્યા. ભલા જીવ હતા. મને પોતાને ઘેર લઈ જતા હતા. રાતવરત ક્યાં જઈશ એની ચિંતા કરતા હતા. પણ હું મક્કમ હતો. પાકી સડક આવી એટલે એમનો આભાર માનીને ઊતરી ગયો. એ જાય એની રાહ જોઈ પછી થેલામાંથી ટોર્ચ કાઢીને એથી અવળી બાજુ રસ્તાની ધારે ધારે ચાલવા લાગ્યો. એમની એક સલાહ મને ગમી. વાહનચાલક તમને ને તમે એને જોઈ શકો એ બાજુ ચાલવાનું. અંધારું ઘટ્ટ થઈ ગયેલું. આકાશ સ્વચ્છ ને તારા નજીક દેખાય. ચંદ્ર ન દેખાયો. પગલાંનો જ નહીં, જોરથી ચાલતા શ્વાસનોય અવાજ સંભળાયો. બીજું કોઈ ન દેખાયું. બાવળની એક સૂકી ડાળ હાથમાં રાખેલી પણ કૂતરુંય આડું ન ઊતર્યું. કહે છે કે અહીં સાપ બહુ નીકળે છે. પણ કોઈ ન દેખાયો. ઘણું ચાલ્યો. થાક્યો. ત્યાં દૂરથી આછું અજવાળું ભાળ્યું. એટલે એ તરફ વળી ગયો. ત્યાં આ સરાઈ આવી. રાતના અંધારામાં, ભય ને થાક ને થોડીક ભૂખ ને તરસને કારણે રોકાઈ જવાનું મન થયું એટલે સરાઈમાં પ્રવેશ્યો. કોઈ જાગતું નહોતું. મેં પણ થેલો ભીંતે મૂક્યો ને પરસાળમાં જ લંબાવ્યું. ક્યારે ઊંઘ આવી ગઈ ખબર જ ન રહી. એકલા પ્રવાસ અને સરાઈ-પ્રવેશની એ ક્ષણ તને જણાવવાનું મન હતું એટલે અહીં લખ્યું.

હું લખું છું ચાલુ વર્તમાનકાળમાં. એનો અર્થ એ નથી કે આ પ્રત્યેક વાત મેં એ બનતી હતી ત્યારે તત્કાળ લખી છે ડાયરી-પેન લઈને. લખી તો છે નજીકના સમયે મારી અનુકૂળતાએ. પણ લખી છે એ રીતે કે જેથી તું વાંચે ત્યારે તને તું પણ એ ક્ષણોમાં. તારો આગ્રહ હોય છે ને મારી પ્રત્યેક ક્ષણ પર તારા હસ્તાક્ષર કરવાનો? હું અકળાઉં તો તારો જવાબ હોય કે તું મારા પર ચોકી કે જાસૂસી નથી કરતી, માત્ર તને મન હોય છે એ સમયે હાજર રહેવાનું જે ક્ષણોમાં વાસ્તવમાં તું ગેરહાજર હોય છે.

તારી એ આજ્ઞા પૂરી કરું છું, આમ ચાલુ વર્તમાનકાળમાં લખીને આ સરાઈનામા.

તું એ વાંચીશ? ક્યારે? કેવી રીતે? તારા સુધી કઈ રીતે પહોંચશે આ સરાઈનામા? પહોંચશે કે કેમ? ઓહ.. કેટલા બધા સવાલ! હમણાં લખવાનું તો રાખું, પછીની વાત પછી. આ તાપણું ઠરવા આવ્યું છે, પ્રકાશ ઓછો થતો જાય છે. હવે બંધ કરું. સૂઈ જાઉં.

અહીંથી આગળ શું છે એની જાણ નથી. આગળ કૈં પણ મળે, શક્યતાઓ વિષે વિચારવું નહીં, સહજ આવકારવું ગમે છે. મહત્ત્વ છે અહીં પહોંચવું. પહોંચવું પણ ખોટું, અહીં પહોંચવું છે એવા કોઈ પૂર્વનિર્ણય સાથે ક્યાં આરંભી હતી સફર? આમ જ શરૂ થઈ તે આજે અહીં છે. અહીં પહોંચવું નહીં, આજે અહીં હોવું. બસ.

અહીં આ સરાઈમાં છું.

બીજાં પણ છે. મારા જેવાં કે મારી જેમ એવું નહીં કહું. એ એમના જેવાં ને એમની જેમ છે, ને હું મારા જેવો, મારી જેમ.

મારા જેવો ને મારી જેમ એટલે કેવો ને કેમ? સવાલ તમને થાય તો જવાબ તમારે શોધવાનો. મને સવાલ થતા નથી એટલે જવાબની શોધ નથી.

બસ, છું અહીં, સરાઈમાં.

ગઈકાલે જ આવ્યો. સાંજ પડી ગયેલી એટલે આસપાસ નજર નહોતી કરી. સીધા જ લંબાવ્યું હતું પરસાળમાં. આપણે અનુભવ કરતા નથી, બાકી જમીન એટલી કઠણ નથી લાગતી થાકેલા શરીરને લંબાવવા. ને હાથનું ઓશીકુંય કેટલું હાથવગું! એક શરીરમાં જ કેટલી અનુકૂળતા રચી છે, એણે! અમથા ડામચિયાં ઊંચકીને ફરીએ છીએ! જોડે રાખો એટલે સાચવવાની ચિંતા, ચોરાઈ જવાની ફિકર. શરીરને કોણ ચોરે? હા, હજી મન ચોકીદાર છે. રાતે અંધારામાં નજીક ઊડતાં જીવડાંને ઉડાડતું રહ્યું. એને તો ખાલી આજ્ઞા કરવાની ને? દોડવાનું તો હાથે. મનને ચિંતા હોય છે શરીરની. શરીર એને ગમે છે. કેમ ગમે છે, મન જાણે. મન શરીરમાં રહે છે એવી ભ્રમણા હવે રહી નથી. શરીર ખોલીને જોનારાનેય હજી એ દેખાયું નથી. એટલે મન ક્યાં છે એ તો મન જાણે. ક્યારેક જોડે હોય છે પણ ઘણીવાર સાથે નથીય હોતું.

રાતે પહોંચ્યો હતો સરાઈમાં.

અંધારાને કારણે કશું સ્પષ્ટ નહોતું થયું. અહીં આવ્યો તે રસ્તો પણ, આ સરાઈ પણ. જ્યાં સૂતો હતો તે ખૂણો પણ.

સવાર વહેલી પડી છે.

આછું અજવાળું ભાંખોડિયાંભેર દાખલ થયું ને આંખ ખૂલી ગઈ. અજવાળાંની એ ઓળખ, આછું અમથુંય આવે તો આંખો ખૂલી જાય. ને આંખ ખૂલે પછી સૂઈ રહેવું મુશ્કેલ. થોડીવાર પડ્યા પડ્યા નજર દોડાવી. જમીન પર લીંપણ હતું, ઊખડેલું. ભીંત પણ મેલી. મૂળ રંગ ન ઓળખાય. થોડે દૂર જ સૂતા છે બે જણ. એક વ્યક્તિ પાથરેલી ચાદરનો વીંટો વાળી રહ્યો છે. કદાચ એ નીકળે છે, આગળની સફરમાં. આછો ગરમ પવન શરૂ થઈ ગયો છે. લાગે છે દિવસ ગરમ રહેશે.

ઊઠીને બહાર જઈને જોઉં છું.

આસપાસ કશું નથી, કૈં જ નહીં. દૂર સુધી વેરાન. આઘે દેખાય છે રેતના ટીલા. કાલે મારગમાં જોયેલા. રાતમાં પવનની પાંખે જગ્યા બદલી લાગે છે. એમના આધારે દિશા નક્કી ન થાય.

પાસે એક વાવડી છે. પાણી ખેંચીને મોં સાફ કરી કોફી માટે નજર દોડાવી. સરાઈથી થોડેક દૂર દેખાય છે ટપરી.

જઈ આવું.

ટપરી પર ચા છે, કોફી નથી.

અહીં કામ કરતા ટેણીએ કહ્યું કે કોફી પીનારા ઓછા જ આવે છે. ટેણીને નામ તો હશે જ પણ અહીં બધા એને એ નામે જ બોલાવે છે.

ટેણી હોશિયાર છે. એ તલપને ઓળખતો લાગે છે. એણે કોફીના વિકલ્પમાં કાવો સૂચવ્યો. મને કાવાનો સ્વાદ નથી ખબર. પણ આ સફર જ છે સ્વાદફેરની. જેને જાણ્યું ને માણ્યું એને વળગી નથી રહેવું. એને પાછળ મૂકીને મારગમાં જે મળે નવું નવું એની ઓળખ કરવી છે. કોફી છોડો, થવા દો કાવો.

બહાર મૂકેલા બંકડા પર બેઠાં બેઠાં નજર કરું છું. એક યુગલ પણ આવ્યું છે ટપરીમાં. બાઈમાણસ નીચે ઉભડક બેઠી છે, લાજનો ઘૂંઘટ કાઢીને. પુરુષ ઊભો ઊભો ચાનો સબડકો તાણે છે. બાઈને આપતો નથી એ વાતે હું અકળાયો પણ ત્યાં જ એણે ઘૂંઘટમાંથી હાથ બહાર કાઢ્યો, હાથમાં પિત્તળની રકાબી હતી. સારું થયું કૈં બોલ્યો નહીં તે.

ઊડતી રેતથી બચવા હાથ આડો કરું છું ત્યાં ટેણીનો અવાજ સાંભળું છું, “માલિક, કાવો!”

કાવો.. સાવધાનીપૂર્વકની એક ફૂંક ને એક નાનકડો ઘૂંટ. વાહ! સહેજ તીખો છે પણ મજાનો છે સ્વાદ. કેળવીએ તો ભાવે એવો! ને મારે એ જ તો કરવું છે.